


## સલામી સવારની..

*આશા દિસે ન કયાંય 'અચ્છે'ની અહન થયા પછી,*
*અસર કંઈ નથી કથાઓ ગહન થયા પછી,*
*રહન-સહનમાં વ્યાપી ગઈ છે રાવણ વૃત્તિ -*
*નવા ઊભા થાય છે રાવણ દહન થયા પછી...*
*(વિજયા દશમ)*

હાઈકુ

*ખેલાય કોર્ટે -*
*ટ્વેન્ટી-ટ્વેન્ટી ની મેચ*
*લોઢા સમિતિ -*

*ગૂંચ જૂથોની,*
*અસર બૂથ પર -*
*વારે છે સૂથ...*

## ચિંતન

*સત્યં રુપં શ્રુતું વિદ્યા કૌલ્યં શીલં બલં ધનમ્ ।*
*શૌર્યં ચ ચિત્રભાષ્યં ચ દશેમે સ્વર્ગયોનયઃ ॥*

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવાયેલ છે.

સત્ય, સુંદર, નમ્ર સ્વરુપ, અધ્યયન (શ્રુત), વિદ્યા, કુલીનતા (કૌલ્ય), ચારિત્ર્ય (શીલ, બળ, ધન, શૂરવીરતા અને ચિત્રવિચિત્ર અદ્‌ભૂત વાણી (ભાષ્ય) એ દસ સ્વર્ગની યોનિઓ (કારણો, ઉત્પત્તિ, સ્થાન) છે.

ઈશ્વરની કૃપાથી સદ્‌ગુણોની પ્રાપ્તિ અને સંજોગો મળે છે. શારીરિક-માનસિક કૌશલ્યો એ સ્વર્ગીય સુખ-આનંદ આપનારાં છે. સત્ય તું આચરણ, સૌંદર્યની પ્રાપ્તિ, નમ્રપણું-વિવેક, વાચન-અધ્યયન અને શ્રવણની તક મળવી વિદ્યા અને કુલીનતા, સદ્‌ચારિત્ર્યનું પાલન થઈ શકે એવી પરિસ્થિતિ, બળ, ધન, સત્તા-પદ અને શૌર્ય-શક્તિ-બળ-વાણી-ભાષા પર પ્રભુત્વ આ બધું ઈશ્વરકૃપા વિના મળતું નથી.

## સુવિચાર

- માનવીના બધા દુર્ગુણો અને નબળાઈઓ સમજણના અજવાળાથી પ્રકાશિત થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે પોતાના વખાણ થાય તેવી તકો શોધતા રહીશું તો આપણે બહુ જ સહેલાઈથી આપણે જે નથી તેવા આપણી જાતને માની બેસીશું - **વિનોબા**
- મનનો સામાન મનનું બંધન છે - **ફાધર વાલેસ**
- જયારે સાચી સમજ આવે છે અને અપરિગ્રહ શીખવામાં આવે છે ત્યારે જ સાચી આરામની સ્થિતિ આવે છે - **જીવનસૂત્ર**
- જયાં કામ છે ત્યાં રામ રહેતાં નથી અને જયાં રામ છે ત્યાં કામ હોતો નથી - **જનકલ્યાણ**
- આપણા વિકાસનો આત્મા તો આપણા આત્માનો વિકાસ છે - **રજનીશ**
- આજનું ઔષધ : અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી એસીડીટ મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સારો સકારાત્મક સ્વભાવ હંમેશાં સફળતા જ અપાવે છે કોઈના દોષ જોવા - નિંદા કરવી - હૃદય મનમાં ઝેર ભરી દુશ્મનાવટ કરવીના પરિણામ આપણને જ ભોગવવાં પડે છે.

એક રાજાને મંત્રીની જરુર પડી - મંત્રી બુદ્ધિમાન અને સદ્‌ગુણી હોવો જોઈએ. ઈન્ટરવ્યુમાં બે યુવાન મિત્રો આવ્યા. ખૂબ દૂરથી થાકયા-પાકયા-ભૂખ્યા હતા. રાજાએ એકને કહ્યું, તમે શાહી ઉતારામાં સ્નાન-ભોજન કરી આવો ત્યાં સુધી તમારા આ મિત્ર સાથે વાતચીત કરી લઉં - મિત્ર ગયો.

રાજાએ પહેલા મિત્રને, નાહવા ધોવા ગયો હતો તેના વિશે - સ્વભાવ-વર્તન વિષે અભિપ્રાય પૂછ્યો - પહેલા મિત્ર એના સ્વભાવના ખૂબ વખાણ કર્યા. કહ્યું, સદ્‌ગુણી છે.

બીજો મિત્ર આવ્યો - હવે પહેલો નાહવા ધોવા ગયો. રાજાએ બીજા મિત્રને કહ્યું તારો મિત્ર તો તારી ટીકા-નિંદા કરતો હતો. તું ઈર્ષાળુ છો વગેરે...

મિત્ર ઉશ્કેરાઈ ગયો - ગાળાગાળી કરવા લાગ્યો. આવે તો મારવા સુધીની વાત કરી. ફરી પ્રથમ મિત્ર પરત આવ્યો રાજાએ એને કહ્યું, તારો મિત્ર તો તારા ખૂબ 'દોષ' દર્શાવે છે. મિત્ર કહે એ સાચું જ હશે હંમેશાં આપણા દોષ આપણને દેખાતા નથી હોતા... અને રાજાએ પરિણામ જાહેર કર્યું...

# ગાંધીદીવડો ઓલવાયો

ગાંધીયુગના છેલ્લા અવશેષ સમા હમીદ કુરેશી ઉંમરના નવ દાયકાની લાંબી સફર તય કરીનો ખુદાની રહેમતમાં પહોંચી ગયા છે. એક એવું ઉજ્જવળ, સૌમ્ય પ્રકાશ પાથરતું નક્ષત્ર, જેણે સમયના ભાવ પર બિંદી તરીકે ચમકતા રહી કશી જ હો - હા કે અપેક્ષા વગર જીવનલીલા સંકેલી લીધી. ગાંધી જેવા યુગપુરુષનો ખોળો ખૂંદવાનો જન્મજાત અધિકાર ધરાવતા આ સદ્‌ગૃહસ્થ વ્યવસાયે સફળ વકીલ રહ્યા. એમના સુપુત્ર જસ્ટિસ આકિલ કુરેશી ગુજરાત હાઈકોર્ટના મૂઠી ઊંચેરા ન્યાયાધીશ છે. જો કે એમ તો સમસ્ત કુરેશી પરિવાર વિશ્વ નાગરિક તરીકે ઓળખાવવો ગમે તેટલો વિસ્તરેલો છે અને ધર્મ, દેશ કે સંસ્કૃતિઓ વચ્ચેના વાડાઓ ઓળંગી માનવધર્મને વરેલો છે. હમીદ કુરેશીના નાના અબ્દુલ કાદિર બાવાઝીર 'ઈમામ' સાહેબના હુલામણા નામે ઓળખાતા હતા. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સહવાસ પછી તેઓ એ હદે પ્રભાવિત થયેલા કે જયારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી ભારત પરત આવ્યા ત્યારે એમના આ 'સહોદર' સમા સાથી એ પણ દેશમાં પાછા આવી ગાંધીજીએ એમને માટે બનાવી આપેલા બેઠા ઘાટનું મકાન 'ઈમામ મંઝિલ' એ સાબરમતી આશ્રમનું નવલું નજરાણું છે. હમીદ કુરેશીનાં માતા અમીનાબાનુને બાપુએ પોતાની દીકરી પરણાવતા હોય એટલા ઉમંગથી પરણાવેલાં. કંકોતરી ગાંધીજીના જ નામે વહેંચાયેલી. હમીદભાઈએ જીવનભર ગાંધી વિચારનો સંપૂર્ણપણે આત્મસાત્ કરવાનો પુરુષાર્થ કર્યો હતો. એમણે હિંદુ પ્રતિમાબહેન સાથે લગ્ન કર્યા હતા. સંતાનોને પણ હિંદુ, જૈન, યહૂદી એમ તમામ વિશ્વધર્મોમાં વહેંચી દેતા હોય એમ અલગ અલગ ધર્માવલંબી પરિવારોમાં પરણવાની છૂટ આપી હતી. છેલ્લે એમના મૃત્યુ સમયે એમની આ સર્વધર્મ સમભાવની લાગણીનું શ્રેષ્ઠ ઉદાહરણ મૃત્યુ પછી અગ્નિસંસ્કાર કરાવવાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરીને પૂરું પાડ્યું છે. હમીદ કુરેશી જેવા સાલસ, ગાંધી વિચારને વરેલા ભારતીય નાગરિકને પણ કટ્ટરવાદીઓએ છોડ્યા નહોતા, તે આપણા સમકાલીન સમાજજીવનની વિડંબના છે. ૧૯૬૯માં ગાંધી - શતાબ્દી વર્ષે જ અમદાવાદમાં ફાટી નીકળેલ કોમી રમખાણોમાં ધર્માંધ લોકોએ ઈમામ મંઝિલને આગ લગાડી હતી તેમ નવરંગપુરાની સ્વસ્તિક સોસાયટીમાં આવેલા હમીદ કુરેશીના બંગલા 'આકિલ

**તંત્રીસ્થાનેથી...**

વિલા'માં પણ તોડફોડ કરી હતી. એ વ્યથાકથાની ડાયરી 'અગ્નિ પરીક્ષા' શીર્ષક હેઠળ બત્રીસ વર્ષ પછી હમીદભાઈએ ૨૦૦૨માં ઐતિહાસિક રમખાણો પછી પ્રકાશિત કરી હતી. દરેક સમજદાર ભારતીય નાગરિકે એક સાચા ગાંધીવાદીની આ વ્યથાકથા વાંચવા જેવી છે. પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ થોડા વખત હમીદ કુરેશીના સહયોગી તરીકે વકીલાત કરેલી. બેઉ વડીલો વચ્ચે સગા ભાઈઓ જેવી નિકટતા - આત્મીયતા હતી. આ જૈફ વચ્ચે હમીદભાઈ એમના મિત્ર સામેનો બોફોર્સ ચિઠ્ઠી કેસ લડવા દિલ્હી સુધી આંટાફેરા કરતા હતા. હમીદ કુરેશીની વિદાયથી ગાંધીવિચારનું એક મૂર્તિમંત હરતું ફરતું તીર્થ ગુજરાતે ગુમાવ્યું છે. એમના વિચારોનું ભાથું અલબત્ત એમનાં પરિવારમાં અકબંધ સચવાયેલું છે. એક રીતે કહીએ તો ગાંધીયુગની એક જીવંત હેરિટેજ આઈટમ જેવા કુરેશી સાહેબની વિદાયથી ગુજરાત રાંક બન્યું છે. નારાયણ દેસાઈ અને હમીદ કુરેશી - બેઉ પ્રત્યે ગાંધીજીને સરખું વ્હાલ હતું. બેઉ થોડાં થોડાં વરસના અંતરે આપણી વચ્ચેથી સરકી ગયા છે. કદાચ એમને બાપુએ જ તેડાવી લીધી હશે.

# દાદાજીએ ગુડ્ડુને દત્તક લેવાનો નિર્ણય લઈ લીધો...




દાદાજી આ સોસાયટીમાં આ મહિને જ રહેવા આવ્યા છે. તેમણે નવું ઘર લીધું છે. સરકારી શાળામાં શિક્ષક હતા. થોડા દિવસ પહેલાં જ નિવૃત્ત થયા છે. તેમને કોઈ બાળક નથી. આજુબાજુ કોઈ સગાંસંબંધી પણ નથી. દાદી થોડાં બિમાર રહે છે. તેમનાથી ઘરનું કામ એટકે હાથ થઈ શકતું નથી. તેથી એક કામવાળી રાખી છે. વાસમ માંજવાનું અને ઘરમાં કચરા પોતાંનું કામ કરી જાય છે. ઘણીવાર રસોઈના કામમાં દાદીને મદદરુપ પણ થાય છે.

કામવાળીની સાથે તેની એક વ્હાલી લાગે તેવી રૂપાણી દીકરી આવે છે. તેનું નામ ગુડ્ડુ છે. લગભગ પાંચ વરસની હશે. બહુ સરસ વાતો કરે છે. બહુ બોલે છે. બધાં સાથે હળીમળી ગઈ છે. દોડાદોડ કરી ઘણું કામ કરે છે. ગુડ્ડુ ઘરમાં હોય ત્યાં સુધી ઘરનું વાતાવરણ જીવંત રહે છે. તેની સાથે વાતો કરીને દાદા, દાદીનો સમય સારી રીતે પસાર થઈ જાય છે. પણ તે જાય એટલે ફરી સન્નાટો છવાઈ જાય છે. દાદાજીને ઘરમાં બાળકની કમી ખટકે છે.

એક દિવસ દાદાજીએ ગુડ્ડુને પૂછ્યું, 'બેટા, તું સ્કૂલ કેમ જતી નથી?'

'મારા પપ્પા મને સ્કૂલે મોકલતાન નથી.' ગુડ્ડુ બોલી.

'અચ્છા' દાદાજીને બહુ આશ્ચર્ય થયું. તેમને ફરી પુછ્યું, 'તારા પપ્પા કયાં રહે છે?' શું કામ કરે છે? કે એટલી પણ ફુરસત મળતી નથી.'

ગુડ્ડુએ ખુબ નિર્દોષતા પૂર્વક કહ્યું, 'મારા પપ્પા બહુ દૂર જતા રહ્યા છે.'

ગુડ્ડુએ ફરી એ જ નિર્દોષતાથી કહ્યું, 'ખબર નહીં. મેં તેમને કયારેય જોયા નથી.'

નજીકમાં વાસણ માંજતી તેની માંએ કહ્યું, 'દાદાજી તે આ દુનિયાથી દૂર જતા રહ્યા છે. એક અકસ્માતમાં ભગવાને તેમને પોતાની પાસે બોલાવી લીધા છે.'

'ઓહ! ' દાદાજીને પુછયું, 'દાદાજી, તમને ખબર છે મારા પપ્પા કયાં ગયા હશે?'

'હાં બેટા'

ગુડ્ડુ રાજી થતાં બોલી, 'દાદજી તમે મારા પપ્પા પાસે જાવ તો તેમને કહે જો કે તમારી ગુડ્ડુ તમને બહુ યાદ કરે છે. મારે તેમની સાથે સ્કૂલ જવું છે. બધાં છોકરાં જેમ આંગળી પકડીને જાય છે તેમ જ.'

'સારું બેટા' દાદાજી બીજું શું કહે. તેમનું મન ગુડ્ડુની નિર્દોષતા જોઈ દુઃખી થઈ ગયું. આટલી નાની નાદાન બાળકી અને તેના પર ગરીબી અને દુઃખના ડુંગરા. પછી એ સ્કૂલ કઈ રીતે જાય. તેમના મનમાં ગુડ્ડુ માટે વિચારો આવવા લાગ્યા.

ઘણા સમય પછી આજ દાદાજી બહુ ખુશ હતા. તેમને પહેલીવારનું પેન્શન મળ્યું છે. ઘરવખરીનો સરસામાન ખરીદવાની ઈચ્છા છે. તેમને બંધ ગળાનો જૂનો કોટ કાઢીને પહેર્યો, માથે ટોપી મુકી, ચશ્મા ચડાવ્યા, થેલો લીધો અને હાથમાં લાકડીના ટેકે બજારમાં પહોંચ્યા. ત્યાં ફળ અને શાકભાજીના ભાવો પુછતા પુછતાં એ કંટાળી ગયા.

'બાપ રે, આટલી બધી મોંઘવારી અને આટલું ટૂંકું પેન્શન. પહેલાં તો થોડા રૂપિયામાં ઘણું મળી જતું. હવે શું કરવું? જેની ખાસ જરુર છે એ જ ખરીદી કરીશ. લોટ, ચોખા, દાળ આમ જૂઓ તો આખા મહિનાની ખરીદી કરવી છે. ઘરવાળીની દવા પણ લેવાની છે. બિચારી કેટલાય દિવસથી પથારીવશ છે.'

જરૂરિયાતની વસ્તુઓમાં જ દાદાજીના મોટા ભાગના રૂપિયા વપરાઈ ગયા. તે વિચારવા લાગ્યા કે થોડા પૈસામાં બીજું શું લઈ શકાય? ત્યાં તેમને ગુડ્ડુ યાદ આવી. કેવી વ્હાલી દીકરી ચે. કેવી સરસ સરસ વાતો કરે છે. ખુબ હસાવે છે. આખા દિવસની ચિંતા, દુઃખ દર્દ બધું ભુલાવી દે છે. પણ તેના પપ્પા નથી. ઘરમાં ગરીબી છે. સારું ખાવાની કે ભણવાની સુવિધા નથી.

છેવટે દાદાજીએ એક નિર્ણય લઈ લીધો.

તે પુસ્તકોની દુકાને જઈ પહોંચ્યા. બચેલા પૈસામાંથી કક્કો અને આંકડા ગણતરીની ચોપડી, નોટબુક, પેન્સિલ અને એક દફતર મુકાય એવો થેલો ખરીદી નાંખ્યો. ચોકલેટ અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પ્રેમ એટલે હોઠ પર બેઠેલા ઝાકળ પર લખેલી કવિતા




''પ્રેમ એટલે શું?'' સને ૧૯૫૪માં સાહિત્યનું નૉબલ પારિતોષિક મેળવનાર ૨૦મી સદીના પ્રતિષ્ઠિત અમેરિકન સાહિત્યકાર—પત્રકાર અર્નેસ્ટ હૅમિંગ્વે (૧૮૯૯—૧૯૬૧) હંમેશા પ્રેમના પક્ષમાં રહ્યા છે. તેઓએ કહ્યું છે કે ''પ્રેમ એટલે નામ-સરનામા વિનાના સંબંધનું પરબિડીયું. પ્રેમ એટલે હંમેશા સમર્પણની સોગાત. પ્રેમ એટલે પામવાનું નહીં, આપવાનું નામ. પ્રેમમાં માત્ર પ્રેમ પામી લેવાનો અને પ્રેમ જ માપી લેવાનો હોય. પ્રેમ એટલે આનંદ, ઉત્સાહ, હર્ષ, ઊર્જા, શક્તિ, ઉન્માદનો સરવાળો અને પ્રેમ એટલે દુઃખ, શોક, ઈર્ષા, ભય, ડર ઈત્યાદીની બાદબાકી.''

''પ્રેમ એટલે શું?'' પ્રેમ એટલે હોઠ પર બેઠેલા ઝાકળ પર લખેલી કવિતા. પ્રેમ એટલે નિરંકુશ બનીને હવામાં ઊડતું પતંગિયું. પ્રેમ એટલે શીતળ સમીરનો જાદુ. પ્રેમ એટલે પહેલા વરસાદની ઝરમર, ઝરમર. પ્રેમ એટલે આંખોની બારસાખે બેઠેલું ચોમાસું. પ્રેમ એટલે અષાઢની હેલી અને શ્રાવણનાં સરવડાં. પ્રેમ એટલે ફાગણના ફાગ અને બે આંખોમાં ઊડતા અબીલ-ગુલાલ. પ્રેમ એટલે ચૈતર-વૈશાખનાં વાયરા. પ્રેમ એટલે પ્રિયતમ યા પ્રિયાની ભીતરથી આવી રહેલા પરસેવાની ખુશ્બુ. પ્રેમ એટલે શીતકાળના સુસવાટામાં મળી આવતી શ્વાસોશ્વાસની ઉષ્મા. પ્રેમ એટલે જીદ. પ્રેમ એટલે ગુસ્સો. પ્રેમ એટલે રિસામણાં અને પ્રેમ એટલે મનામણાંની બારમાસી મોસમ.

''પ્રેમ એટલે શું?'' પ્રેમ એટલે કલાકો સાથે રહ્યા પછી પણ એક ક્ષણ લાગે. પ્રેમ એટલે સમય થંભી જાય. પ્રેમ એટલે મિલનની કુંજગલીઓમાં ઘડિયાળ ભુલી પડી જાય. પ્રેમ એટલે સંવેદન-સંવનનની દિશાઓ ખુલી જાય અને દુનિયાદારીના રસ્તાઓ ભુલી જવાય. પ્રેમ એટલે મોગરાની મહેંક. પ્રેમ એટલે આળસ મરડીને બેઠી થતી રાતરાણી. પ્રેમ એટલે તાજા ખીલેલા ગુલાબની પાંખડીઓ ઉપર આસન જમાવીને બેસતા ઝાકળબિન્દુઓનું ક્ષણજીવી સામ્રાજ્ય.

પ્રેમ એટલે માદક બનીને સામે મળતી માંડવાની જુઈ. પ્રેમ એટલે લાગણીનો પરચો આપવા તૈયાર ચંપો. પ્રેમ એટલે પ્રતીક્ષાનાં તોરણ બાંધીને બેસતો આસોપાલવ. પ્રેમ એટલે રાહ જોતા રહેવાની રસ્મ. પ્રેમ એટલે કદીય ખતમ ન થાય એવો ખાલીપો. પ્રેમ એટલે કદીય ન છીપાય એવી તરસ. પ્રેમ એટલે સ્પર્શ નામની માછલીનો તરફડાટ. પ્રેમ એટલે? આપીને પામવાનું નામ એટલે પ્રેમ.

જીવનના સંબંધનું નામ એટલે પ્રેમ. દરેક બાબતોમાં એક્સપાઈરી ડેટ હોઈ શકે. પ્રેમ નામના સંબંધમાં કોઈ એક્સપાઈરી ડેટ હોતી નથી. પ્રેમ એટલે જાણે કૈલાસની ટોચેથી વહી નીકળતી અલકનંદાની ધારા અને પ્રેમ એટલે ગંગાસાગરનું દરિયા સાથેનું મિલન.

જ્યારે કોઈ યુવતી અન્ય કોઈ પણ સાથી મિત્રો સાથે સારો વ્યવહાર રાખે તો એનો બીજો કોઈ પણ અર્થ કાઢવાની જરુર નથી. જો યુવક કોઈ તરફ સારો વ્યવહાર રાખતો હોય તો યુવતી પણ સારું વર્તન કરે તો એનો ખોટો અર્થ કેમ લેવો જોઈએ?

કોઈના સારા વ્યવહારને પ્રેમ અથવા પ્રેમાળ સંબંધ માનવાની ભુલ કરવાની જરુર નથી. કોઈ જાતની ગેરસમજણને પ્રેમમાં સ્થાન ન જ હોઈ શકે. પ્રેમ નિર્મળ અને સ્વયં શુદ્ધ અનુભૂતિ છે. એમાં દંભ કે છળ યા કપટને પણ સ્થાન ન હોઈ શકે. પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ. પ્રેમ આપીને પામવાનું નામ છે. માગવાનું નામ પ્રેમ નથી. પ્રેમ આપવા છતા ખાલી થતો નથી અને ખુટતો પણ નથી. મીરાંબાઈ કહે છે એમ, ખર્ચ્યે ન ખુટે અને ચોર ન લૂંટે એનું નામ પ્રેમ.

તમે કોઈને પ્રથમ વખત મળો છો, એના આધારે તમે એના વિશે કોઈ નિર્ણય ઉપર ન આવી શકો. કારણ કે ફક્ત થોડીક મિનિટો માટેની મુલાકાત અથવા થોડી જ મિનિટો માટે થયેલી વાતચીત તમારા સંબંધ ઉપર પૂર્ણવિરામ કે પ્રશ્નાર્થ મૂકવાનું તોલમાપ ન બનવું જોઈએ. આ કોઈ ત્રાજવું નથી. થોડી મિનિટો માટે જ વાત કરો એ કોઈ સ્કેલ યા મૅઝરમેન્ટ નથી કે તમારે કોઈ નિર્ણય ઉપર આવી જવું પડે. આવો નિર્ણય ઉતાવળિયો પણ કહી શકાય.

ઓશો કહે છે એમ કોઈ વ્યક્તિને સમજવી કદાચ સહેલી હોઈ શકે. તમે તરત જ એના વિશે હકારાત્મક યા નકારાત્મક અભિપ્રાય બાંધી શકો. કોઈ વ્યક્તિ માટે તમે ગેરસમજ કરો તો એ પણ શક્ય છે. તમે બહુ જલદીથી કોઈના માટે ધારણા, અનુમાન યા પૂર્વગ્રહ રાખી શકો. પરંતુ ઓશો કહે છે એમ, કોઈ વ્યક્તિ માટે તમે એક સમયે ખોટી ધારણા બાંધી હતી યા ગેરસમજ કરી બેઠા હતા એ વાત સમજવી અને સ્વીકારવી કદાચ સૌથી વધુ અઘરી છે.

અહીં, સવાલ સત્વ અને સ્વત્ત્વનો આવે છે. અહમ્‌ને ઓગાળવાની વાત આવે છે. તમે જ ન્યાયાધીશ તરીકે તમને દોષ દઈ શકતા નથી. તમે જ ભૂતકાળમાં ખોટા હતા એવું સ્વીકારવું કદાચ તમારા માટે કઠિન હોય છે. તમે જ ભૂતકાળમાં કોઈ વ્યક્તિ માટે ગેરસમજ કરી હતી એ વાત સમજવી તમારા માટે અઘરી થઈ પડે છે. કારણ કે વ્યક્તિનો માનવસહજ સ્વભાવ હોય છે કે પોતે તો હંમેશા સાચો જ હોય છે. પોતાનાથી તો કોઈ ભુલ થઈ શકે જ નહીં. પોતે તો કોઈ જ ભુલ ન કરે. પોતાનાથી તો કોઈ દોષ થાય જ નહીં. જો કોઈ દોષ હોય તો એ સામી વ્યક્તિના હોઈ શકે.

વાત અહમ્‌ની છે. અહમ્‌નો ત્યાગ કરવાની વાત છે. ''હું કોઈ દિવસ ખોટો હોઉં જ નહીં.'' આવી માનસિકતા છોડવાની જરુર છે. ''હું'' છોડીને ''અમે''નું સાયુજ્ય રચાય ત્યારે પ્રેમનું મેઘધનુષ જોવા અને અનુભવવા મળે. ''અમે'' અને ''આપણે''ની લાગણીનાં અમીરસનું સિંચન થાય ત્યારે પ્રેમ પાંગરે છે. પ્રેમ પલ્લવિત થઈ ઊઠે છે. પ્રેમમાં જે કંઈ છે તે ''મારું-તારું'' નહીં પરંતુ ''આપણું'' હોય.

સંબંધોની ઈમારત શ્રદ્ધા અને વિશ્વાસના પાયા ઉપર ટકી રહે છે. એમાં સમજ અને સમજણ ખુબ મહત્વની છે. ગેરસમજનો અગ્નિ બધું જ બાળી શકે છે. પ્રેમ એટલે સમજણ. પ્રેમ એટલે સમર્પણ. પ્રેમ એટલે સંવાદ. પ્રેમ એટલે અકળથી સકળ સુધીની યાત્રા. પ્રેમમાં કશું અકળ ન હોઈ શકે. પ્રેમમાં બધું સકળ અને બધું જ સરળ જ હોઈ શકે.

પ્રેમ એટલે શ્રદ્ધા અને વિશ્વાસ. જે સંબંધમાં શંકા અથવા સંશય આવે, અવિશ્વાસ આવે ત્યાં પ્રેમ મુરઝાય છે, મુંઝાય છે, કરમાય છે. તમને જેના પ્રત્યે પ્રેમ હોય એ દિવસ કહે તો દિવસ અને એ રાત કહે તો રાત, એની દરેક વાતમાં સચ્ચાઈનો રણકો અનુભવાય એનું નામ પ્રેમ. એની વાતમાં તમને શંકા યા સંશય જોવા મળે તો એવા સંબંધમાં પ્રેમ ન જ હોય. તમે જો એમાં પ્રેમ માની બેઠા હો તો એ તમારી ભુલ જ કહેવાય. એ પ્રેમ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રાવણ-દહન..!! યાર હમારી બાત સુનો, ઐસા એક ઈન્સાન ચુનો, જીસને પાપ ના કિયા હો, જો પાપી ન હો...!

'વ્યવસ્થા કરી છે ને બરાબર..?'

'હા ભાઈ, એકદમ રાપચીક... બે કાર્ટૂન છે, ફુલ-સાઈઝનાં...'

સાંજ ઢળી રહી હતી. ડૂબી રહેલા સુરજે નાનકડાં-વિકાસશીલ ગામડાંની કુદરતી આભા પ્રગટાવવા માંડી હતી. પક્ષીઓ પોતપોતાના માળામાં પરત થઈ રહ્યાં હતાં. ગામની શાળાનાં મેદાનમાં નાના-મોટાં-અબાલ-વૃદ્ધો-મહિલાઓ, બધાં ટોળે વળી વિજયાદશમીનો કાર્યક્રમ શરુ થવાની કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં. યુવક-મંડળ પણ 'ખાણી-પીણી'ની વ્યવસ્થામાં જોતરાઈ ચૂક્યું હતું...!



...અને બધાંની વચ્ચોવચ, 'રાવણ'નું કદાવર પૂતળું આ તમાશો જોતું મૌન, અડગ ઉભું હતું...!

'આવો સાહેબ.. લ્યો આ તીર-કામઠું.. ને ચલાવો અગ્નિબાણ.. રાવણના પૂતળાને ભડાકે બાળો...!'ગામના વડીલો, રહેવાસીઓએ મેદાનને કિનારે સુરક્ષિત સ્થાન લીધું, ને યુવકમંડળના એક કાર્યકરે સરપંચ સાહેબના હાથમાં તીર-કામઠું થમાવતા રાવણ-દહનની વિધિ સમજાવી.

સરપંચ સાહેબના રોમરોમમાં શ્રીરામ પ્રવેશ્યા; ટોળું ટટ્ટાર થયું; અગ્નિ ઓકતું તીર ઊંચું થયું; ટોળાંની આંખો પણ ઊંચકાઈ; કમાનની પણછ ખેંચાઈ; ટોળાંની ભ્રૂકુટી તંગ બની; તીર છૂટ્યું; ટોળાંનો શ્વાસ અટક્યો; સળગતું તીર સીધું જ જઈને રાવણની છાતીએ ટકરાયું, ને... રાવણને 'આગ' લગાડ્યા વગર ભોંયભેગું થયું; ઓલવાયું...!

સરપંચ સાહેબે પ્રયત્નો ચાલુ રાખ્યા; તીર બદલાયાં; મશાલો સળગી; ફટાકડા-બોમ્બ ફૂટ્યા... પણ બધું વ્યર્થ. રાવણ કેમેય કરીને સળગવાનું નામ ન લે..! ગ્રામજનો મૂંઝાયાં-ગભરાયાં. 'રાવણ-દહન' જરૂરી હતું. લોકવાયકા પ્રમાણે જો 'રાવણ-દહન' ન થાય તો ગામ આખામાં મહામારી ફેલાય.

'યાર હમારી બાત સુનો, ઐસા એક ઈન્સાન ચુનો.... જીસને પાપ ના કિયા હો, જો પાપી ન હો...!'દુન્યવી વાસ્તવિકતા લલકારતા સાધુ મહારાજ મેદાનમાં પ્રવેશ્યા. ગ્રામજનોને નિરાકરણ બતાવ્યું : એવી વ્યક્તિ દ્વારા 'રાવણ-દહન' કરાવો, જેનું ચરિત્ર નિર્મળ હોય, કુટેવોથી મુક્ત હોય.

સરપંચે પોતાના નાના-મોટા ગુનાઓ-ભ્રષ્ટાચાર કબુલ્યા. ગામને માથે ધર્મ-સંકટ. પૂતળા નીચે પંચાયત બેઠી. 'રાવણ-દહન'નો કાર્યક્રમ આ વર્ષ માટે સ્થગિત કરાયો. આવતા વર્ષ માટે ચરિત્રવાન-ચોખ્ખા માણસની શોધ એક સુરે ગામના યુવક-મંડળને સોંપાઈ.

> **પળેપળ હું જીવું છું તમારી રગેરગમાં**
> **ઘડી બે ઘડી મારું દહન થાય તો યે શું ?**
> **- ઈસ્માઈલ પઠાણ**

●●●

યુવક-મંડળ તપાસે ચઢ્યું. ઘરે-પાદરે-ખેતરે, આવતાં-જતાં, દરેકની જન્મકુંડળી, ચાલ-ચલગત-હિલચાલ પર નજર માંડી. દિવસો-મહિનાઓ વીત્યા, પણ નિરર્થક... ગામમાં કોઈ સંપૂર્ણ સંસ્કારી ન તે ન જ જડ્યો...!

'ભાઈ, ખબર છે ને...? વર્ષો પહેલા રાવણ-દહન ન થતા ગામમાં જે રોગચાળો ફેલાયેલો, તેમાં મારી બહેન...' યુવક-મંડળનો એક યુવક ડૂસકે ચઢ્યો.

'હા, મારો મોટો ભાઈ પણ... અને ગામમાં બીજા પણ કેટલાંય.. ભોગ બન્યાં હતાં..!' બીજો યુવક પણ ભૂતકાળ યાદ કરી ઉદાસીન થયો, ઢીલો પડ્યો.

'મારો બાપ તો...' યુવક-મંડળનો પ્રમુખ 'ભાઈ' પસ્તાવો અને અફસોસ ઠાલવતા ગણગણ્યો, '...કુદરતના કોપ વગર, દારૂમાં ગુજરી ગયેલો...!'

'...ને તું પણ તો... એ જ માર્ગે જઈ રહ્યો છે ને, ભાઈ મારા..?' ચોરા પર અડ્ડો જમાવીને બેઠેલા યુવક-મંડળ વચ્ચે જંપલાવતા સાધુ મહારાજ બોલ્યા, '...તારી શરાબની લત તને તારા બાપ પાસે વહેલો જ પહોંચાડશે... પછી તારી પાછળ તારી વિધવા મા..!'




...ને સાધુ મહારાજે ગામની સીમ તરફ પગ માંડ્યા.

યુવક-મંડળમાં સોપો પડ્યો, ગહન વિચારે ચઢ્યું. દરેક યુવાન મનમાં કશુંક નિશ્ચિત કરી રહ્યો... પોતાને, પોતાના ઘરને, પોતાના ગામને કુદરતી કે માનવસર્જિત, કોઈપણ મુસીબતથી બચાવવાનો થનગનાટ ઉમટ્યો...! ખિસ્સામાંથી બીડી-સિગારેટ-પાનમસાલાના પડીકા દૂર ફેંકાયા. સંતાડીને રાખેલી બટલીઓ પથ્થર સાથે ટકરાવાઈ..!

...ને ફરી એક વાર વિજયાદશમીનો તહેવાર. શાળાના મેદાનમાં રાવણનું પૂતળું ઉભું કરાયું; ગ્રામજનો ટોળે વળ્યાં; સરપંચ, વડીલો, અગ્રણીઓએ સ્થાન લીધું... આ વર્ષે તીર-કામઠાંઓ યુવક-મંડળના સભ્યોના હાથમાં...! અગ્નિ-બાણો છૂટયાં... ને રાવણ ભડકે બળ્યો..! તાળીઓનો ગડગડાટ, ચિચિયારીઓ, સિટીઓના ગુંજારવ થયાં..! ગામને યુવા-ધન ફળ્યું, ને ગામ પ્રગતિના પંથે આગળ વધી રહ્યું.

●●●

...ને ફરી એકવાર સરપંચ તથા ગામના થોડા વડીલો સાધુ મહારાજની સંગતમાં, ગામની બહાર સીમમાં બેઠા હતા.

'મહારાજ, આપના આશીર્વાદ..!'

'ભાઈઓ, આ તો તમારો જ વિચાર, તમારો જ પ્રયાસ, તમારી જ ગામ તથા ગામના યુવાનો પ્રત્યેની સભાનતા... હું તો એક માધ્યમ માત્ર..!'મહારાજ દરેકને વખાણી રહ્યા,' ..તમે જ ગયા વર્ષના 'રાવણ-દહન' અગાઉ અહીં મારી સમક્ષ આવ્યા હતા... ને યુવા-ધન અવળે માર્ગે જઈ રહ્યું હોવાની, નશો કરતું હોવાની ચિંતા વ્યક્ત કરી હતી... આ તમારા જ નેક ઈરાદાનું પરિણામ છે.. સુખી રહો..!'

●●●

આ વાર્તાના લેખક ધર્મેશ ગાંધી, નવસારીના રહેવાસી છે. નાનપણથી વાંચનનો શોખ પાંગરી ઉઠેલો, જે હમણાં પાંચ-છ મહિનાઓથી લેખન તરફ અનાયાસે જ વળી ગયો.... હમણાં એક માઈક્રોફિક્શન વાર્તા-સ્પર્ધાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, સોફ્ટવેર એન્જિનિયર, એકાઉન્ટન્ટ, અમેરિકાનો પાંચ વર્ષનો 'વર્ક-વિઝા'નો અનુભવ તથા અંગ્રેજી-ગુજરાતી માધ્યમના ટ્યુશન કલાસીસ ચલાવે છે... રચનાત્મક તથા સંદેશાત્મક વાર્તાઓનું આ એક અદ્‌ભુત સેમ્પલ વખાણવા લાયક છે.

ચૂંટલો : 'શહેરમાં ગુનાખોરી-રમખાણ વધ્યાં..શહેરી યુવાનો પતનના માર્ગે... સર્વત્ર 'રાવણ-રાજ'...'જેવા સમાચાર વચ્ચે પણ કેટલાય રચનાત્મક કાર્યો થાય છે. રાવણની સાથે બીડી-સિગારેટ-પાનમસાલા-દારુ જેવા વ્યસનો બાળવા જેવા ખરા. વ્યસન મુક્તિ અભિયાન ચાલે જ છે આપણે તો માત્ર ટેકો જ કરવાનો છે. એટલા રામ તો બધામા હશે જ...